eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 281
July 22, 2011

## સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણાવ્રત નિમિત્તે તા.૧૪/૦૭/૨૦૧૧ના રોજ યોજાયેલ ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધાનું પરિણામ



સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણાવ્રત નિમિત્તે તા.૧૨, ૧૩ અને ૧૪ જુલાઈ, ૨૦૧૧ના રોજ અનુક્રમે પ્રાથમિક, માધ્યમિક અને ખુલ્લા વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધાનું આયોજન રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ ખાતે કરવામાં આવેલ છે. જે પૈકી આજરોજ તા. ૧૪/૦૭/૨૦૧૧ ના રોજ ખુલ્લા વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધા યોજવામાં આવી હતી. ખુલ્લા વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધામાં ૪૪૪ સ્પર્ધકોએ ભાગ લઈ અવનવી ડિઝાઈનમાં હાથે મહેંદી મુકી હતી. આ મહેંદી સ્પર્ધામાં નીચે મુજબની કન્યાઓ વિજેતા જાહેર થઈ હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૧૬/૦૭/૨૦૧૧ ના રોજ પુણા શહેરી આરોગ્ય કેન્દ્ર, પુણા પોલીસ ચોકી પાસે, સુરત ખાતે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણાવ્રત નિમિત્તે તા.૧૬/૦૭/૨૦૧૧ના રોજ યોજાયેલ ગોરમાગીત સ્પર્ધાનું પરિણામ



ભારતીય સંસ્કૃતિ એટલે વ્રત, તપ, તહેવારોની સંસ્કૃતિ. આ લોકસંસ્કૃતિ અને વૈવિધ્ય સભર સાંસ્કૃતિક વિરાસતનું જતન કરવાના ભાગરૂપે તથા આપણી સંસ્કૃતિમાં બાલિકા– કન્યાઓ માટે જ વિશેષરૂપે યોજાતા આ અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૧૬/૦૭/૨૦૧૧ ના રોજ સવારે ૯.૦૦ કલાકે ચં.ચી.મહેતા નાટ્યગૃહ (રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતે ગોરમાગીત સ્પર્ધા યોજવામાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>




## સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૯/૦૭૧૨૦૧૧ના રોજ યોજાયેલ વર્ષાગીત સ્પર્ધાનું પરિણામ

ભારતીય લોક સંસ્કૃતિ અને વૈવિધ્ય સભર સાંસ્કૃતિક વિરાસતનું જતન કરવાના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ભારત જેવા કૃષિ પ્રધાન દેશમાં વરસાદની મહત્તાને ઉજાગર કરતા વરસાદના આગમનને વધાવવા સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષાગીત સ્પર્ધાનું આયોજન તા. ૧૯/૦૭/૨૦૧૧ ના રોજ સવારે ૯.૦૦ કલાકે ચં.ચી.મહેતા નાટ્યગૃહ(રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતે કરવામાં આવ્યું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણાવ્રત નિમિત્તે તા.૧૪/૦૭/૨૦૧૧ના રોજ યોજાયેલ ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધાનું પરિણામ



સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણાવ્રત નિમિત્તે તા.૧૨, ૧૩ અને ૧૪ જુલાઈ, ૨૦૧૧ના રોજ અનુક્રમે પ્રાથમિક, માધ્યમિક અને ખુલ્લા વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધાનું આયોજન રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ ખાતે કરવામાં આવેલ છે. જે પૈકી આજરોજ તા. ૧૪/૦૭/૨૦૧૧ ના રોજ ખુલ્લા વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધા યોજવામાં આવી હતી. ખુલ્લા વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધામાં ૪૪૪ સ્પર્ધકોએ ભાગ લઈ અવનવી ડિઝાઈનમાં હાથે મહેંદી મુકી હતી. આ મહેંદી સ્પર્ધામાં નીચે મુજબની કન્યાઓ વિજેતા જાહેર થઈ હતી.

**ખુલ્લો વિભાગ**

| વિજેતા | સાદી મહેંદી | અરેબિક મહેંદી |
|---|---|---|
| પ્રથમ | જમાદાર આભા અનીલકુમાર | પટેલ સોનલ પ્રભુભાઈ |
| દ્વિતીય | શેખ ઉઝમા પરવીન ઉસ્માનગની | શેખ તસ્નીમ શાહીલ સાબિર |
| તૃતીય | ભામિનિ સંદિપ શર્મા | શેખ અર્શિયા સાહીન મો.સાબિર |
| આશ્વાસન | કલ્પના આર.પાનવાલા | મમતા શ્યામસુંદર ગજરે |
| આશ્વાસન | ચૌહાણ સોનમ રમેશભાઈ | બુલબુલ તેજસકુમાર લાકડાવાલા |
| આશ્વાસન | ચૌહાણ મિત્તલ વિકાસ | અસ્મા રીદવાન શેખ |
| આશ્વાસન | રૂચી પ્રશાંત ગાંધી | આહિર રેખાબેન ભરતભાઈ |
| આશ્વાસન | પટેલ અલ્પા મણીલાલ | ભારતીબેન નિમેષકુમાર પટેલ |

ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધાના વિજેતા કન્યાઓને મા. ડે. મેયર શ્રીમતી છાયાબેન ભુવા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી ગીતાબેન પટેલ, ઉપાધ્યક્ષા શ્રીમતી ઉર્મીલાબેન રાણા, રૂગ્ણાલયો અને વૈદકીય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષા શ્રીમતી પારૂલબેન ભારતી, ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિના અધ્યક્ષા શ્રીમતી રંજનબેન કમલેશભાઈ વેકરીયા, અન્ય મ્યુ. સભ્યશ્રીઓના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્મૃતિભેટ અને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે સર્વશ્રીમતી નેહાબેન એન્જીનીયર અને શ્રી પૂર્વીબેન દલાલે સેવા આપી હતી.



TOP

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ




ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૧૬/૦૭/૨૦૧૧ ના રોજ પુણા શહેરી આરોગ્ય કેન્દ્ર, પુણા પોલીસ ચોકી પાસે, સુરત ખાતે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ડે.મેયરશ્રીમતિ છાયાબેન ભુવા, શાસક પક્ષના નેતાશ્રી દયાશંકર શકલનારાયણ સિંહ, રૂગ્ણાલય સમિતિ અધ્યક્ષા કુ.પારૂલબેન ભારતી, મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ સલાહકાર સમિતિના અધ્યક્ષ ડૉ.રવિન્દ્ર પાટીલ, મ્યુનિ. સદસ્યશ્રી વિનુભાઈ ઝાલાવાડીયા, મ્યુનિ.સદસ્યા શ્રીમતિ રંજનબેન વસોયા, આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે. કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડૉ.હેમંત એસ.દેસાઈ, વરાછાઝોનના ઝોનલ ચીફશ્રી કેતનભાઈ પટેલ, ઈ.ચા.કાર્યપાલક ઈજનેરશ્રી પી.ડી.મુન્શી, નાયબ આરોગ્ય અધિકારી ડૉ.કે.કે.નિગમ, ડૉ.એ.પી.ભટ્ટ, નાયબ આરોગ્ય અધિકારી આરોગ્ય વિભાગ ડૉ.કલ્પેશ ખત્રી, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, પુણા, કરંજ, હીરાબાગ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો તથા અન્ય અધિકારી/કર્મચારીઓ હાજર રહયા હતા.

આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડૉ.હેમંત એસ.દેસાઈએ કાર્યક્રમ સંબધી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતું અને જણાવ્યુ હતું કે, ચોમાસા દરમ્યાન પાણી જન્ય/પાણી સંલગ્ન રોગોનો ઉપદ્રવ વધતો હોય છે જેને કાબુમાં રાખવા તથા ગરીબ/મધ્યમ વર્ગના લોકોને સરળતાથી સારવાર મળી રહે તે આ કેમ્પનો મુખ્ય હેતુ છે તે ઉપરાંત રોગોથી બચવા માટેના ઉપાય અંગે પણ આરોગ્યલક્ષી પ્રદર્શનમાં સમજ આપવામાં આવે છે. જેનો લાભ લેવા જાહેર જનતાને અનુરોધ કર્યો હતો.

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ સલાહકાર સમિતિના અધ્યક્ષ ડૉ.રવિન્દ્ર પાટીલે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે, સુરત મહાનગરપાલિકા દ્વારા સને ૨૦૦૭ થી આ પ્રકારના કેમ્પો યોજવામાં આવે છે. જેમાં ઉત્તમ પ્રકારની સેવાઓ આપવામાં આવે છે. આવા કેમ્પો દરેક ઝોનમાં યોજવામાં આવે છે અને ખુબજ સફળ રહે છે. જે સુરત મહાનગરપાલિકાની મોટી સિધ્ધી છે.

**Continue …**

રૂગ્ણાલયો, વૈદકીય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષા કુ.પારૂલબેન ભારતીએ પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકા લોકોની સુખાકારી માટે ખુબ જ જાગૃત છે. જે માટે દર વર્ષે ચોમાસા દરમ્યાન આવા કેમ્પો યોજી જનતાને રોગ મુકત રાખવા સતત પ્રયત્નો કરે છે. નાગરીકોને પોતાનું આંગણું સ્વચ્છ રાખવા અને પોતાના આંગણા પાસે પાણીનો ભરાવો ન થાય તે માટે ખાસ કાળજી રાખવા જણાવ્યું હતું. નાગરીકોને આરોગ્યલક્ષી પ્રદર્શનનો લાભ લેવા વિનંતી કરી હતી. આરોગ્ય વિભાગને આવા કેમ્પો યોજવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

શાસક પક્ષના નેતાશ્રી દયાશંકર શકલનારાયણ સિંહે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે, સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા ચોમાસા દરમ્યાન આવા કેમ્પો યોજવામાં આવે છે. જેમાં ગરીબ/મધ્યમ વર્ગના લોકોને મોટી સંખ્યામાં લાભ લેવા તથા આજુબાજુના નાગરીકોને પણ લાભ લેવા અપીલ કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે આ ઋતુમાં મેલેરીયા, ચીકન ગુનિયા, ડેંગ્યુ વિગેરે રોગો વધુ પ્રમાણમાં જોવા મળતા હોય છે તેને કાબુમાં રાખવા જરૂરી સમજ પણ આવા કેમ્પોમાં આપવામાં આવે છે. આરોગ્ય વિભાગ અને ઈજનેરી વિભાગ શહેરના વિકાસમાં મહત્વનો ભાગ ભજવે છે. સુરત મહાનગરપાલિકાને જે એવોર્ડો મળ્યા તેમા દરેકે દરેકનો સાથ છે. નાગરીકોને પણ દરેક કાર્યોમાં સહકાર આપવા વિનંતી કરી હતી.

મા.ડે.મેયરશ્રીમતિ છાયાબેન ભુવાએ જણાવ્યું હતું કે, આરોગ્ય વિભાગ લોકોને નિરોગી રાખવા માટે આવા કેમ્પ ઉપરાંત અન્ય નાના કેમ્પો પણ યોજે છે જે ઘણું સારૂ છે લોકોને તેનો મહત્તમ લાભ લેવા જણાવ્યું હતું. ૨૦૦૬ ના પુરને યાદ કરીને પુર બાદ થયેલ ત્વરીત સફાઈ કામગીરીને બીરદાવી હતી. ચોમાસા દરમ્યાન પાણીનો ભરાવો થાય તેમા ખાસ કરીને નાના બાળકો ગંદાપાણીમાં રમતા જોવા મળે છે જેના કારણે ચામડીના રોગો કે અન્ય રોગો થવાની શકયતા વધી જતી હોવાથી વાલીઓએ તે અંગે સજાગ રહી બાળકોને વરસાદના ભરાયેલ પાણીમા ન જવા દેવા અપીલ કરી હતી. પ્રદર્શનમાં બતાવ્યા મુજબ આપણા ઘરની આસપાસ પાણીનો ભરાવો ન થાય અને મચ્છરની ઉત્પત્તિ ન થાય તેની ખાસ કાળજી રાખવા જણાવેલ. આંગણવાડીની બહેનોને સ્લમ વિસ્તારમાં જઈને યોગ્ય સલાહ સૂચન આપવા જણાવ્યું હતું.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો પુણા શહેરી આરોગ્ય કેન્દ્રની આસપાસના વિસ્તારના કુલ ૫૩૨ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૧૧૯ ચામડીના નિષ્ણાત દ્વારા ૧૧૪, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૧૬, બાળરોગ નિષ્ણાત દ્વારા ૬૦, ફિઝીશ્યન દ્વારા ૧૭૮, સર્જન દ્વારા ૪૫ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૩૫ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ ૨૩ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૨૯ દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી ૧૦,૦૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૧૭૮૦, ઓરલ પીલ્સ ૨૪ પેકેટ, કેલ્સીયમ ટેબલેટ – ૫૦૦, આયર્ન ફોલીક એસીડ નાની મોટી મળી કુલ ૫૦૦ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૪૦ બાળકોને ડીપીટી, ૪૬ બાળકોને પોલીયો, ૨૧ બાળકોને ઓરી,૦૧ બાળકોને ટી.ટી.ની રસી,૨૫ બાળકોને ઝેરી કમળાની રસી આપવામાં આવી હતી તથા ૧૦૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશ્નરશ્રી એમ.કે.દાસના આદેશાનુસાર આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર (હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો.હેમંત એસ.દેસાઈ ના માર્ગદર્શન મુજબ નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.આઈ.ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણાવ્રત નિમિત્તે તા.૧૬/૦૭/૨૦૧૧ના રોજ યોજાયેલ ગોરમાગીત સ્પર્ધાનું પરિણામ



ભારતીય સંસ્કૃતિ એટલે વ્રત, તપ, તહેવારોની સંસ્કૃતિ. આ લોકસંસ્કૃતિ અને વૈવિધ્ય સભર સાંસ્કૃતિક વિરાસતનું જતન કરવાના ભાગરૂપે તથા આપણી સંસ્કૃતિમાં બાલિકા– કન્યાઓ માટે જ વિશેષરૂપે યોજાતા આ અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૧૬/૦૭/૨૦૧૧ ના રોજ સવારે ૯.૦૦ કલાકે ચં.ચી.મહેતા નાટ્યગૃહ (રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતે ગોરમાગીત સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં શહેરની ખાનગી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ મળી ૬૫ જેટલી પ્રાથમિક શાળાની બાળાઓને પરંપરાગત પહેરવેશમાં સજજ થઈને ગોરમાંની આરાધના કરતાં ગીતો ગાયાં હતાં.જેને ઉપસ્થિત સૌએ ભાવસભર માણ્યાં હતાં.સ્પર્ધાને અંતે નીચે મુજબની શાળાઓ વિજેતા જાહેર થઈ હતી.

| વિજેતાનો ક્રમ | શાળાનું નામ |
|---|---|
| પ્રથમ | પી.પી.સવાણી વિદ્યાભવન,હીરાબાગ |
| દ્વિતીય | શ્રીમતી ડી.એન્ડ પી.એ.શાહ વિદ્યાલય |
| તૃતીય | શ્રી સદ્ભાવના વિદ્યાલય |
| આશ્વાસન | શ્રીમતી એલ.પી.સવાણી વિદ્યાલય |
| આશ્વાસન | શ્રી નવજીવન વિદ્યાભવન |
| આશ્વાસન | વી.એન.ગોધાણી કન્યા વિદ્યાલય |
| આશ્વાસન | શ્રીમતી એચ.એસ.ગજેરા વિદ્યાભવન,ઉત્રાણ |
| આશ્વાસન | શ્રી આર.કે.ચૌહાણ "શાન્તમ્" પ્રાથમિક શાળા ક્રમાંક–૨૦૭ |
| આશ્વાસન | સંતશ્રી કવિયત્રી પ્રાથમિક કન્યા શાળા ક્રમાંક–૧૧૫ |

સ્પર્ધાના વિજેતાઓને મા.ડે.મેયર શ્રીમતી છાયાબેન ભુવા,સાંસ્કૃતિક સમિતિના ઉપાધ્યક્ષા શ્રીમતી ઉર્મીલાબેન રાણા,રૂગ્ણાલયો,વૈદકીય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષા કુ.પારૂલબેન ભારતી, સભ્યશ્રી પ્રીતીબેન પટેલના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. તેમજ ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રતિકભેટ અને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે સર્વશ્રી સમીરભાઈ જાદવ,શ્રીમતી માયાબેન દેસાઈ અને શ્રીમતી અરૂણાબેન શાહે સેવા આપી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૯/૦૭/૨૦૧૧ના રોજ યોજાયેલ વર્ષાગીત સ્પર્ધાનું પરિણામ

ભારતીય લોક સંસ્કૃતિ અને વૈવિધ્ય સભર સાંસ્કૃતિક વિરાસતનું જતન કરવાના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ભારત જેવા કૃષિ પ્રધાન દેશમાં વરસાદની મહત્તાને ઉજાગર કરતા વરસાદના આગમનને વધાવવા સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષાગીત સ્પર્ધાનું આયોજન તા. ૧૯/૦૭/૨૦૧૧ ના રોજ સવારે ૯.૦૦ કલાકે ચં.ચી.મહેતા નાટ્યગૃહ(રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં શહેરની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ મળી કુલ–૧૦૮ જેટલી શાળાઓના બાળકોએ પૂરી તન્મયતાથી વર્ષાના આગમનને વધાવતાં ગીતો ગાયાં હતાં.સ્પર્ધાને અંતે નીચે મુજબની શાળાઓ વિજેતા જાહેર થઈ હતી.






| વિજેતા | પ્રાથમિક વિભાગ | માધ્યમિક વિભાગ |
|---|---|---|
| પ્રથમ | અંબાબેન મગનલાલ અંધજન પ્રા.શાળા | પી.પી.સવાણી વિદ્યાભવન |
| દ્વિતીય | શ્રીમતી લીલાબા ડા.વ.કન્યા વિદ્યાલય | બી.એચ.કલસરિયા માધ્યમિક શાળા |
| તૃતીય | પી.પી.સવાણી વિદ્યાભવન, હીરાબાગ | ૧) રૂ.સી.મા.પુણાવાલા સાર્વ.એકસપેરિમેન્ટલ હાઈસ્કૂલ<br>૨) શ્રીમતી એલ.પી. સવાણી વિદ્યાલય |
| આશ્વાસન વિજેતા | ૧) શ્રી ડી.એન્ડ પી.એ.શાહ વિદ્યાલય<br>૨) સદ્ભાવના વિદ્યાલય<br>૩) આર.બી.ધામી વિદ્યાલય<br>૪) નવજીવન વિદ્યાલય<br>૫) કે.એસ.જોષી પ્રાયમરી ઈંગ્લીશ મીડીયમ ગર્લ્સ હાઈસ્કુલ<br>૬) શહીદ વિનોદ કિનારીવાલા પ્રા.શાળા ક્રમાંક ૨૦૯ | ૧) શ્રી ઝવેરચંદ મેઘાણી શાળા ક્રમાંક–૧૭૨<br>૨) શ્રી ગુલાબદાસ બ્રોકર કન્યા શાળા નં.–૯૦<br>૩) મહાત્મા ગાંધી શાળા ક્રમાંક–૧૫૨ |

આ સ્પર્ધાના વિજેતાઓને મા.ડે.મેયર શ્રીમતી છાયાબેન ભુવા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી ગીતાબેન પટેલ, ઉપાધ્યક્ષા શ્રીમતી ઉર્મીલાબેન રાણા, મ્યુ.સદસ્યશ્રીમતી જયોતિબેન કોઠિયા, શ્રીમતી સ્મિતાબેન પટેલના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને લ્હાણી અને સ્મૃતિભેટ અને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે સર્વશ્રીમતી પલ્લવીબેન વ્યાસ,શ્રી ધર્મેશભાઈ રાવલ, શ્રી કેતનભાઈ ત્રિવેદી,શ્રીમતી પ્રજ્ઞાબેન વૈદ્ય,શ્રી ભાવેશભાઈ વાંકાણીએ સેવા આપી હતી.

TOP